# મોર્નિંગ મંત્રા

(૨)

ગઈ કાલે હું સફરજન ખરીદવા ગયેલો. મને વિચાર આવ્યો કે સારાં સફરજન કેવી રીતે ખરીદાય એ કોઈ સ્કૂલમાં ભણાવવામાં નથી આવતું. કોઈ સ્કૂલ એવી નથી કે સારાં શાકભાજી કેવી રીતે પસંદ કરવાં એ શીખવે. સારાં બટાકાં, સારાં કેળાં, સારી કેરી કેવી રીતે પસંદ કરવી એ શીખવાડતા હોય એવા કોઈ કોર્સીઝ નથી.

માની લો કે તમારે ત્યાં કામવાળો હોળીની રજા પર છે અને ઘરના બીજા સભ્યોએ ઘરકામમાં મદદ કરવી પડે એમ છે. તો ઘરનાં બાળકોને સાવ બેઝિક વસ્તુઓ નથી આવડતી હોતી. માટલું કેવી રીતે વીંછળવું એ કોઈ શીખવતું નથી. ગોળ રોટલી કેવી રીતે બને, દાળ-ભાતનું કૂકર કેવી રીતે મૂકવાનું, ઘરનાં સુકાઈ ગયેલાં કપડાં ગડી કરીને કેવી રીતે વાળવાનાં... આવું બધું ટીનએજરને આવડે નહીં અને પેરન્ટ્સ ક્યારેય શીખવવાની તસ્દી લે નહીં. ''હજુ ક્યાં એની ઉંમર થઈ છે આ બધું કરવાની.' આ એક વાક્યએ એક આખી પેઢીને એક રીતે પાંગળી બનાવી દીધી છે.




મારા એવા કેટલાય મિત્રો મેં જોયા છે જે ૨૫-૩૦ વર્ષના થયા હોય પણ હજુય બેંકમાંથી ડ્રાફ્ટ કઢાવતાં ના આવડતો હોય. બેંકની એક સાદી સ્લીપ ભરવામાં ભૂલો કરતા હોય. ઈન્કમટેક્સ રીટર્ન ફાઈલ કરવાનું આવે ત્યારે એમનું મગજ બહેર મારી જાય. એક ફોર્મલ લેટર ડ્રાફ્ટ કરવાનો આવે તોય ન આવડે.

પહેલી વાર દાઢી પર શેવ કરવાની હોય ત્યારે દરેક ટીનએજર બૉય મૂંઝવણ અનુભવતો હોય છે. તરુણાવસ્થાની મનસ્થિતિ સાથે ડીલ કેવી રીતે કરવું એ ક્યાં કોઈ શીખવે છે? ફોર્મલ એજ્યુકેશન આપતી કોઈપણ હાયર સેકન્ડરી સ્કૂલમાં આવું કશું જ જીવન-ઉપયોગી શીખવતા નથી હોતા. માત્ર પ્રાઈમરી સ્કૂલનાં બાળકોને બેંક વિઝિટ જેવા પ્રયોગો કરાવીને સંતોષ માનવામાં આવતો હોય છે.

આજકાલ એક નવો પ્રૉબ્લેમ દેખાય છે. કેટલાય યંગસ્ટર્સને જોબ માટે ફોર્મલ એપ્લિકેશન કરતાં પણ નથી આવડતું. કહેવાતી પ્રખ્યાત શાળાઓ એક સીધીસાદી અરજી કેવી રીતે લખવી એ શીખવવામાં નિષ્ફળ ગઈ છે. જૉબ માટેની એપ્લિકેશનમાં વોટ્સએપની લેંગ્વેજ યુઝ કરનાર યુવકને એમાં કશું અયોગ્ય લાગતું નથી.

દેશની એક જાણીતી મૅનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટની એડ્મિશન પ્રોસેસનો હું પણ ભાગ હતો. કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (કેટ)માં ઉત્તમ પરિણામ મેળવ્યા પછી ગ્રુપ ડિસ્કશન રાઉન્ડમાં સારું પર્ફોર્મ કર્યા પછી ઈન્ટરવ્યૂ પેનલ ફેસ કરવાની હોય. એકસાથે અલગ અલગ ઈન્ટરવ્યૂ પેનલ્સ સાથે સ્કોલર કેન્ડિડેટ્સનું ઈન્ટરએક્શન થાય.

ઈન્ટરવ્યૂ પેનલમાં ત્રણ પેનલીસ્ટસ જે સવાલ પૂછે એના સંતોષકારક જવાબો ઉમેદવારે આપવાના રહે. અમુક વિદ્યાંર્થીઓએ એકૅડેમિકલી એક્સેલેન્ટ પર્ફોર્મ કર્યું હોવા છતાં અમારી પેનલના સીધાસાદા સવાલોના જવાબ આપવામા તતફફ થઈ ગયેલા. ઉદાહરણ આપુ :

પેનલીસ્ટ : ''તમારો પસંદગીનો વિષય જણાવશો?''
ઉમેદવાર : ''એટલે? હું સવાલ સમજયો નહીં.''
(અમે આઘાતમાં !)
પેનલીસ્ટ : ''તમને કયો વિષય ગમે? તમે પસંદ કરો એ પ્રમાણે અમે સવાલ પૂછીએ. પોલિટિક્સ, જીઓગ્રાફી, હિસ્ટ્રી, સ્પોર્ટ્સ, સાયન્સ કે બીજો કોઈ પણવિષય જણાવો.''
ઉમેદવાર : ''ઈકૉનોમિક્સ.''
પેનલીસ્ટ : ''કયા ન્યૂઝપેપરના ઈકોનોમિક એનાલીસ્ટને તમે ફોલો કરો છો?''
ઉમેદવાર : (મૌન)
પેનલીસ્ટ : ''નોટબંધી સમયે રિઝર્વ બેંક ઓંફ ઈન્ડિયાના ગવર્નર કોણ હતા?''
ઉમેદવાર : ''મને ખબર નથી.''
પેનલીસ્ટ : ''હવે તમે જ કહો કે અમે તમને શું પૂછીએ? !'

●●●

૧૮ વર્ષના થાઓ એટલે લાઈસન્સ મળે... અરે ભાઈ... કોઈ પેલા ૧ ઉથી ૧૮ સુધીના તરુણ-યુવા મનને ટેક્સ્ટબુક બહારની દુનિયા વિષે પણ તો શીખવો! લાઈસન્સ તો મળી ગયું, ગાઈડન્સ નહીં!

સાભાર : આર જે ધ્વનિત

# બિહારમાં મોદીની બોલબાલા

તંત્રીસ્થાનેથી...

જનસાધારણની સ્મૃતિ બહુ ટૂંકી હોય છે. બહુ ઓછા લોકોને યાદ હશે કે બિહારી બાબુ કયારેક મોદીને એ હદે અસ્પૃશ્ય ગણતા હતા કે એમની સાથે હાથ મિલાવવા પણ તૈયાર ન હતા. મોદીએ તેઓ ગુજરાતના રમખાણોના ગુનેગાર માનીને ચાલતા હતા અને એથીસ્તો જયારે ભારતીય જનતા પાર્ટીએ મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે આગળ ધર્યા ત્યારે આ 'મિસ્ટર ક્લીન' અને બિહારનાં વિકાસપુરુષ એનડીએ સાથે છેડો ફાડી અલગ થઈ ગયા હતા. વળી, એનડીએના સર્વોચ્ચ નેતા લાલકૃષ્ણ અડવાણીને એ મોદી કરતાં વધારે વફાદાર લાગવા માંડેલા. આ બધો ખેલ નીતીશકુમાર લાંબો વખત ન ચાલી શક્યા. એકલા હાથે બિહાર કબજે કરવું અઘરું હતું. 'બડે ભાઈ' - લાલુ યાદવની છત્રછાયામાં વડાપ્રધાન બની જવાની ઉમેદ સાથે એમણે યુપીએ સાથે ગઠબંધન કર્યું. પરંતુ પ્રજા માનસ મોદીઘેલું બની ચૂક્યું હતું. મોદી સામે લાંબી ઝીંક નહીં ઝીલી શકાય એટલું સમજતાં એમને વાર ન લાગી. એટલે ૨૦૧૫માં લાલુ યાદવની મહેરબાનીથી બિહારની ગાદી બચાવી શકનારા નીતીશકુમારે અધવચ્ચે જ ગુલાંટ મારીને મોદીજીની ચરણચંપી કરવાનું સ્વીકારી લીધું અને અત્યારે જે લાલુપુત્ર તેજસ્વી એમને પડકારી રહ્યો છે એને ઉપમુખ્યમંત્રી પદેથી હટાવી ભાજપના નેતા સુશીલ મોદીને ઉપમુખ્યમંત્રી બનાવી એનડીએની સત્તા સ્થાપી. યેન કેન પ્રકારેણ સત્તા જાળવવી એની વિદ્યા જાણે નીતીશને ગળથૂથીમાં મળી છે. એ આમ તો કુર્મી જાતિના છે અને કુર્મીઓની વસતિ બિહારમાં યાદવો કે ભૂમિહારોને ટક્કર આપી શકે એટલી નહીં. જાતિ સમીકરણો સરખાં કરવા નીતીશને એક તરફ ભાજની વોટ બેંકભૂમિહાર સમુદાયનો સહગોય મળ્યો અને બીજી તરફ એમની 'ઓરિજિનલ' ઈમેજ તો બિનસાંપ્રદાયિક વિકાસપુરુષ તરીકેની - એટલે ભાજપ માટે એમના ઓછાયમાં જ વિકસવું તે મજબૂરી બની રહી છે. મોદી અને શાહ ઉત્તરપ્રદેશમાં હિંદુત્વનું રણશિંગું ફૂંકી યોગી આદિત્યનાથ જેવા સંન્યાસીના હાથમાં સત્તા સોંપી શક્યા છે. બિહારમાં એમની હિંદુત્વ ફોર્મ્યુલા ચાલે એમ નથી. પરંતુ બિહારમાં લાલુ-નીતીશ ઉપરાંત એક ત્રીજા નેતા પણ હતા - રામવિલાસ પાસવાન. પાસવાન દલિત વોટબેંક પર પકડ ધરાવતા હતા અને એથી એમને કેન્દ્રની કોઈ પણ સરકારમાં કેબિનેટ મંત્રીનું સ્થાન મળતું રહ્યું. એમની હયાતીમાં જ એમના પુત્ર ચિરાગે એમની પાર્ટી લોક જનશક્તિ પાર્ટીનું સુકાન સંભાળી લીધું હતું. ભાજપની ચાલાક કેન્દ્રીય નેતાગીરીએ બિહારમાં નીતીશકુમારની જોહુકમી સામે ચિરાગ પાસવાનનું ઊંબાડિયું સળગાવીને નીતીશની ઊંઘ હરામ કરી દીધી છે. ચિરાગ પાસવાનના ઉમેદવારો જીતવા માટે ઊભા છે એ કરતાં નીતીશકુમારના (જદયુના) ઉમેદવારોને હરાવવા માટે ઊભા છે એમ કહેવું વધારે ઉચિત લેખાશે. ચિરાગ પાસવાન છડેચોક પહેલા જ દિવસથી કહેતા ફરે છે કે તેઓ નીતીશકુમારનો ઘડો લાડવો કરીને જંપશે અને બિહારમાં ભાજપના નેતૃત્વવાળી સરકાર બનાવવા પૂરો સહયોગ કરશે. નીતીશકુમાર માટે બિહારની આ વખતની ચૂંટણી 'વૉટરલૂ' સાબિત થઈ શકે છે. (વૉટરલૂ એ જગ્યાનું નામ છે જયાં નેલ્સને નેપોલિયને શિકસ્ત આપી બંદી બનાવ્યો હતો.) નીતીશકુમાર સાથે મોદીએ કોરોનાકાળમાં પણ કેટલીક સંયુકત રેલીઓ કરી અને છેલ્લે તો બિહારની જનતાને ઉદ્દેશીને ભાવસભર પત્ર પણ લખ્યો કે બિહારના વિકાસ માટે મારે નીતીશકુમારની જરૂર છે. આમ નીતીશકુમાર હવે જીતે અને મુખ્યમંત્રી બને તો પણ મોદીનો હાથ જ અધ્ધર રહેવાનો છે કારણ કે એમની સામે જે પ્રચંડ રોષ જોવા મળ્યો છે. ચિરાગ પાસવાનને 'રુક જાવ' કહેવાની તસ્દી ભાજપની નેતાગીરીએ નથી લીધી એ સૂચક છે. નીતીશકુમારને એમની હૅસિયતનો અંદાજ આવી જવાથી જ કદાચ પૂર્ણિયાની છેલ્લી સભામાં એમને ઈમોશનલ અપીલ કરવી પડી હશે કે આ મારી આખરી ચૂંટણી છે એટલે આટલો વખત કૃપાદૃષ્ટિ રાખો!

# સો ચૂહે મારે કે બિલ્લી હજ કો ચલી




**સો ચૂહે મારે કે બિલ્લી હજ કો ચલી.**

અત્યાર સુધીની અનેક ફિલ્મોમાં આ સંવાદ આવી ગયો હશે. જયારે કોઈ ખલનાયક અતિશય જુલ્મ અને પાપ આચર્યા પછી કોઈ વખત દયા કરવાનો કે પુણ્ય કરવાનો દેખાવ કરે ત્યારે આ કહેવતનો સંવાદરૂપે અનેકવાર ફિલ્મોમાં આવી ગયો છે. અને કલિયુગમાં આવી જ પદ્ધતિ રહી છે. અનેક પ્રકારના અપકર્મ કર્યા પછી ઢોંગીઓ પુણ્ય કરવાનો ડોળ કરતા નજરે ચડે છે. ઘણીયે વાર તો આવો દંભ અને ડોળ એટલાં માટે પણ કરતા ઓય છે કે જ્યારે હાથમાંથી બાજી જતી રહી હોય અન્ય કોઈ વિકલ્પ જ ન બચ્યો હોય ત્યારે પરાણે ધર્મ કરવો પડે તેવી સ્થિતિમાં ન છૂટકે શાહુકારી દેખાડવામાં આવે છે.

આવા જ પ્રકારનો અર્થ દર્શાવતો એક શ્લોક કાલિદાસ રચિત ''વિક્રમોવર્શીયમ'' નાટકમાં પણ મળી આવે છે.

છિન્નબન્ધે મત્સ્યે પલાયિતે નિર્વિણ્ણો ।
ધિવરો ભણતિ ધર્મો મે ભવતિ ॥

- વિક્રમોવર્શિયમ

જ્યારે માછીમારની જાળી ફાટી ગઈ હોય અને માછલી પાણીમાં કૂદી જાય ત્યારે હતાશ માછીમાર પોતાને આશ્વાસન આપે છે કે માછલીને બચવા દેવા માટે તે પુણ્ય મેળવશે.

મહાકવિ કાલિદાસ જેવા સંસ્કૃત મહાકવિએ આ દેવભાષાની જે સેવા કરી છે તે હંમેશા યાદ રહેશે. તેમણે બે મહાકાવ્ય(રઘુવંશમ, કિરાતાર્જુનીયમ) ત્રણ નાટકો(અભિજ્ઞાન-શાકુન્તલમ, વિક્રમોવર્શીયમ, માલવિકાગ્નિમિત્રમ) અને બે ખંડકાવ્યો( ઋતુસંહાર, મેઘદૂતમ) ની રચના કરી છે.

પુરુરવા અને ઉર્વશીના પ્રેમ સંબંધની વાત કરવામાં આવી છે. આ નાટકમાં કુલ પાંચ અંક છે. કાલિદાસની હથોટી સાહિત્યના દરેક પ્રકારમાં અભિન્નપણે વ્યાપ્ત છે. ન છૂટકે ધર્મ કરવો પડે તેવી સ્થિતિ કાલિદાસના સમયમાં પણ હતી અને અત્યારે પણ છે.

- jayuoza@gmail.com,
Mo.9898046488

# કુમાર આર્ટસ ફાઉન્ડેશન, ભારત દ્વારા, ત્રીજો વાર્ષિક એવોર્ડ્સ સમારંભ-૨૦૨૦ યોજાશે




વૃત્તસંચય

● કુમાર આર્ટસ ફાઉન્ડેશન, ભારત દ્વારા, ત્રીજો ભવ્યાતિભવ્ય વાર્ષિક એવોર્ડ્સ સમારંભ-૨૦૨૦, ટૂંક સમયમાં યોજાશે, જેમાં નીચેના એવોર્ડ વિજેતાઓને સન્માનવામાં આવશે. (૧) Life Time achievement એવોર્ડ:- લબ્ધ પ્રતિષ્ઠિત સાહિત્યકાર મા. શ્રી રઘુવીર ચૌધરી. (૨)ગીત-ગઝલ માટેનો ચિનુ મોદી એવોર્ડ :- કવયિત્રી લક્ષ્મી ડોબરિયા, 'છાપ અલગ મેં છોડી' ગીતસંગ્રહ. (૩) છાંદસ - અછાંદસ કવિતા માટેનો, 'ડૉ.અનામી એવોર્ડ': દિનેશ કાનાણી, 'વરસાદનાં ૧૭૧ કાવ્યો' માટે. (૪)ટૂંકી વાર્તા માટેનો ર.વ. દેસાઈ એવોર્ડ; શ્રી વિજય સોનીને 'વૃદ્ધ રંગાટી બજાર' માટે. (૫)નવલકથા માટેનો દર્શક એવોર્ડ:- ડૉ. નિમિત્ત ઓઝાને, 'ક્રોમોઝોમ'માટે (૬) નિબંધ માટેનો 'ડૉ. ભોળાભાઈ પટેલ એવોર્ડ'; પુલક ત્રિવેદીને ' ટૂંકું ને ટચ' માટે. (૭) આત્મકથા-જીવનચરિત્ર માટેનો 'કિસનસિંહ ચાવડા એવોર્ડ' ; સુ. સંધ્યા ભટ્ટને 'હું હતો ત્યારે' માટે. (૮) નાટક-એકાંકી માટેનો 'ચંચી. મહેતા એવોર્ડ'; શ્રી સતીશ વ્યાસને 'અરણ્ય' માટે. (૯) બાળ સાહિત્ય માટેનો 'રમણલાલ નાનાલાલ એવોડ' અબુ-ગબુ-લબુ-ઢબુ' ને. (૧૦)વિવેચન માટેનો 'સુરેશ જોષી એવોર્ડ'દક્ષા વ્યાસને 'અનુબંધ' માટે. (૧૧)સંશોધન માટેનો 'ડૉ. ભોગીલાલ સાંડેસરા એવોર્ડ', જવાહર બક્ષીને 'નરસિંહ મહેતાની કવિતામાં આધ્યાત્મિકતા' માટે. (૧૨) લોક સાહિત્ય માટેનો 'પુષ્કર ચંદર-વાકર એવોર્ડ'; ડૉ. ભગવાનદાસ પટેલને 'ભીલ- આદિવાસી મૌખિક આખ્યાન ખંડ ૧-૨'ને. આ તમામ એવોર્ડસના વિતરણનો ભવ્ય કાર્યક્રમ ગુજરાતી સિનેજગત અને અસંખ્ય ઉમદા સિરિઅલ્સના જાજરમાન અભિનેત્રી સુ. કૂંપળ દવેની ઉપસ્થિતિમાં તેમજ પ્રખ્યાત લોકકલાકાર શ્રી નિર્મલદાન ગઢવીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાશે;તેમ સતીશ ડણાક (અધ્યક્ષ) અને કુમાર જૈમિનિ શાસ્ત્રી(પ્રમુખ) દ્વારા જણાવાયું છે.

(M)9824236893, muljibhaidadhi@gmail.com

# સરદાર સાહેબ : સમર્પિત જીવનની ઉજળી ગાથા




માનવ સંબંધો વિશ્વાસના આધારે બંધાય છે, ટકે છે તેમજ વિકાસ પામે છે. સરદાર સાહેબનું ભારતની બંધારણ સભા સમક્ષનું તા.૧૨-૧૦-૧૯૪૯નું દીર્ઘ તેમજ વિચારપૂર્ણ પ્રવચન આ વાતનો જીવંત પડઘો પાડે છે. (સરદાર પટેલ : પસંદ કરેલો પત્રવ્યવહાર : સંપાદક : વી. શંકર. પ્રકાશક : નવજીવન ટ્રસ્ટ) પ્રવચનનો વિષય ગંભીર છે. સરદાર સાહેબનો તે બાબતનો ચોક્કસ મત છે. તેઓજ આ પ્રવચનના વિષયના પડકારભર્યા કાર્યને કુશળતા, ઉદારતા તેમજ નિર્ભયતાથી પાર પાડનારા છે. સ્વાભાવિક છે કે આ કામ એ દેશી રાજ્યોનું ભારતીય સંઘમાં એકીકરણનું છે. Union of India ના સમર્થ સર્જક સરદાર હતા તે સર્વસ્વીકૃત હકીકત છે. આ સંદર્ભમાં તેમણે ભારતની બંધારણ સભામાં રજૂ કરેલું વિવરણ દેશી રાજ્યોના એકીકરણની પ્રક્રિયાનો તાદ્રષ ચિતાર આપે છે. સરદાર સાહેબ દેશના તે સમયના તમામ દિગ્ગજ નેતાઓને તર્કબધ્ધ રીતે સમજાવતા કહે છે :

''વિલિનીકરણના તમામ કરારોમાં રાજવીના સાલિયાણાની બાબત પણ મહત્વની છે. સાલિયાણામાંથી રાજવીઓ તેમજ તેમના કુટુંબના તમામ ખર્ચા કાઢવાના છે. રાજવીઓના ભારત સાથેના જોડાણની શરતોમાં સાલિયાણાની જોગવાઈઓ છે. જોડાણ વખતે રાજવીઓ તરફથી પ્રાપ્ત થયેલી પુરાંત એ મોટી છે. ઉદાહરણ આપતા મધ્ય ભારતના રાજપ્રમુખે જમા કરાવેલી મોટી રકમનો સરદાર સાહેબ ઉલ્લેખ કરે છે... રાજવીઓને અપાયેલી બાંહેધરી એ દેશના એકીકરણના મહાન આદર્શને મૂર્તિમંત કરતી ઐતિહાસિક પતાવટોનો ભાગ છે. એકીકરણનું આ સ્વપ્ન આપણે વર્ષોથી સેવતા હતા. જો રાજવીઓ સાથેની આ વાટાઘાટો સફળ ન થઈ હોત તો નવા રચાયેલા દેશ સામે મુશ્કેલી થઈ શકી હોત. આથી રાજવીઓની જગાએ આપણે આપણી જાતને મૂકી તેનો ન્યાય કરીએ. ''

એક રાજપુરુષને છાજે તેવા આ દીર્ઘ પ્રવચનમાં સરદારે ભારતીય સંઘની રચનાની સમગ્ર પ્રક્રિયા પર ફલેશ લાઈટ કરી છે. કડવાશના સ્થાને સતત વાટાઘાટો અને વિચારવિમર્શની મોટી ભૂમિકા અહીં સ્પષ્ટ થાય છે. આ કાર્ય ગાંધીજીને પ્રિય હતું. આથીજ ગાંધી નિર્વાણના પંદર દિવસ પછી સૌરાષ્ટ્રના દેશી રાજ્યોના એકીકરણના ભાવનગરના કાર્યક્રમમાં તેમણે સૂચક વાત કરી. તેમણે કહ્યું કે આ કાર્ય સફળતાથી કરીને તેમણે ગાંધી તર્પણ કર્યું છે. જરૂર પડી ત્યારે જૂનાગઢ કે હૈદ્રરાબાદના કિસ્સામાં આ લોખંડી પુરુષે સંઘર્ષનો માર્ગ પણ પસંદ કર્યો છે અને વિજયને વર્યા છે. કેટલાક કારણોસર જ્યારે ભારત સરકારે એક વટહૂકમથી આ સાલિયાણા બંધ કર્યા ત્યારે તેનાપણ ગુણદોષ હશે પરંતુ સરદાર સાહેબના આ વિશ્વાસની પ્રતિભા – પ્રક્રિયાને અનુરૂપ ન હતા તેવા મતમાં તથ્ય છે.

ગાંધીજી સાથે પણ જોડાતા પહેલા સરદારે ગાંધીજીનું તેમજ તેમના કાર્યોનું મૂંગું અવલોકન કર્યું છે. ગાંધીનું સૌથી અલગ પડતું તેજ તેમણે અમૃતસરના ૧૯૧૯ના કોંગ્રેસ અધિવેશનમાં જોયું. સરદાર ગાંધીજીની સાથે આ અધિવેશનમાં ગયા હતા. (સરદાર પટેલ : એક સમર્પિત જીવન : લેખક : રાજમોહન ગાંધી : પ્રકાશક : નવજીવન ટ્રસ્ટ) સરદાર સાહેબ આ અધિવેશનમાં ઓજસ્વી વકીલ મોતીલાલ નહેરુને મળે છે. તિલક મહારાજ, બિપીનચંદ્ર પાલ, મહમ્મદઅલી ઝીણા, એની બેસન્ટ તેમજ પંડિત મદનમોહન માલવીયાને પણ બેઠકોમાં સક્રિય રીતે ભાગ લેતા સરદારે જોયા. તિલક તથા બિપીનચંદ્ર પાલ વગેરેના બ્રિટિશ સરકાર તરફના વલણ સામે મોતીલાલ નહેરુ, એની બેસન્ટ વગેરેનું ભિન્ન વલણ હતું. જલિયાંવાલા બાગના અન્યાયયુક્ત તેમજ અમાનુષી વલણ સામે કોંગ્રેસમાં વ્યાપક રોષ હતો. તિલક એ રોષને અસરકારક રીતે વાચા આપી શકતા હતા. મતભેદોની આ સ્થિતિનું વર્ણન ક.મા.મુનશીએ શબ્દદેહમાં મઢ્યું છે જેનો ઉલ્લેખ રાજમોહન ગાંધીએ કર્યો છે. આ કપરી અને સામ સામેના છેડે ઊભેલી સ્થિતિમાં સ્થિરમતી ગાંધીએ લાંબી પૂર્વભૂમિકાનું પ્રવચન આપીને પોતાનો ઠરાવ રજૂ કર્યો. ઠરાવ ન્યાયોચિત હોવા સાથે સમાધાનકારી હતો. ગાંધીનો રજૂ કરેલો આ ઠરાવ મોહમ્મદઅલી ઝીણાના ટેકા સાથે પસાર થયો. બન્ને જૂથોને સમજાવીને સાથે રાખવાનું આ અઘરું કાર્ય ગાંધીજી જે સહજતા અને દ્રઢતાથી કરી શક્યા તેની ઊંડી છાપ સરદાર સાહેબ પર પડી. ''(આ ઠરાવ પરનું) ગાંધીજીનું પ્રવચન પૂરું થયું ત્યારે હાજર રહેલા અમે સૌ તેમના (ગાંધીજીના) પગે પડવા તૈયાર હતા. '' તેવી વાત સરદાર સાહેબે એક પત્રમાં લખી. ગાંધીને સમર્પિત થયા પછી તેમના તરફની શ્રધ્ધા તથા નિષ્ઠા સરદાર સાહેબે આજીવન જાળવ્યા હતા. તે માટે કડવા ઘૂંટડા પણ તેમણે શિવત્વને છાજે તેવી ગરીમાથી ગ્રહણ કર્યા હતા. ગાંધીજીએ પણ બારડોલીની સફળતા પછી વલ્લભભાઈની શક્તિ બાબત ઐતિહાસિક વિધાન કર્યું : ''વલ્લભભાઈ દેશને આઝાદી સુધી પહોંચાડ્યા પહેલા મરવાના નથી.'' કોંગ્રેસના દેશભરના નાનામાં નાના કાર્યકરોમાં સરદાર લોકપ્રિય હતા. આચાર્ય કૃપલાણી લખે છે કે કોંગ્રેસના કલકત્તા અધિવેશનમાં સુભાષચંદ્ર બોઝ, મોતીલાલ નહેરુ, જવાહરલાલ નહેરુ જેવા દિગ્ગજ અગ્રણીઓની હાજરી હતી. અહીં કોંગ્રેસના વિશાળ કાર્યકર સમૂહે સરદાર સાહેબને તેમના અભિવાદન માટે મંચ ઉપર બોલાવવા એક મતે આગ્રહ કર્યો. સરદાર અનિચ્છાએ મંચ ઉપર ગયા. બારડોલી સત્યાગ્રહના સરદારને વધાવવા માટે તાળીઓનો પ્રચંડ ગડગડાટ થયો.

સરદાર સાહેબ જેવું જીવન જીવી ગયા અને છતાં સત્તાના કોઈ નિશ્ચિત પદ માટે નિસ્પૃહી રહ્યા તે તેમના વ્યક્તિત્વનો ઉજળો ભાગ છે. સરદાર સાહેબની વિદાય પછી મે-૧૯૫૯માં (ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ) ડૉ. રાજેન્દ્રપ્રસાદે લખ્યું :

''આજે આપણે જેનો વિચાર કરીએ છીએ તે ભારત એ ઘણાં અંશે સરદારની મુત્સદીગીરી અને દ્રઢ વહીવટી કુનેહને કારણે છે... તેમ છતાં તેમને અવગણવામાં આવે છે એ આપણને ખૂંચતું નથી.''સરદાર પટેલ એ ભારતમાતાના ચરણે ગુજરાતે ધરેલું સદાકાળ સૌરભયુક્ત પુષ્પ છે.

# સ્મરણો મહાત્મા ગાંધી અને સરદાર પટેલના...




લોકોની મુશ્કેલીઓ અને ફરિયાદો સરકાર સમક્ષ રજૂ કરવાના 'ગુજરાત સભા' ની સ્થાપના થઈ હતી. ગુજરાત સભાએ મુંબઈ પ્રાંતની રાજકીય પરિષદનું યજમાન પદ સ્વીકાર્યું હતું. અમદાવાદમાં મળેલી આ પરિષદમાં વલ્લભભાઈએ હાજરી આપી. ગાંધીજી આગેવાનોમાં અગ્રસ્થાન ધરાવતા હતા તે જાણીને તેમને રંજમિશ્રિત આશ્ચર્ય પણ થયું પરંતુ ગાંધીજીએ જે ઠરાવ રજૂ કર્યો તેમાં ગાંધીનાં અવાજ અને ભાષામાં રહેલી ગંભીરતા સરદારને સ્પર્શી ગઈ. અને ગાંધીના શિક્ષિતોએ ચક્કી પિસવી જોઈએ અને સંડાસો સાફ કરવા જોઈએ તેવા વિચારોને 'તેજસ્વી વિચારો' ગણાવી વ્યંગબાણો છોડીને હસાવતાં છતાં ગાંધીની સૌમ્ય અને તર્કયુક્ત સરળ રજૂઆત સરદારના માનસપટ પર છવાઈ ગઈ. વકીલાતમાં સાથે રહેલા મિત્રોની 'પણ ઉપરછલ્લી મજાકમશ્કરી કરવા છતાં કબલમાં બેસીને લોકસેવા થઈ શકે નહીં-' એવી દલીલો પણ ગાંધી તરફના ખેંચાણાં નિમિત્ત બન્યા. ચંપારણ સત્યાગ્રહમાં અંગ્રેજ સરકાર સામે જંગે ચડવા પહોંચેલા ગાંધીજીને જયારે ચંપારણ છોડી જવાનો જિલ્લા મેજિસ્ટ્રેટે હુકમ કર્યો ત્યારે આ હુકમ માનવાનો ઈન્કાર કરતાં ગાંધીજીએ જણાવ્યું કે 'આ જિલ્લો છોડી જવાનું મારે માટે શક્ય નથી. અનાદર કરવાનો દંડ ભોગવવાની મારી તૈયારી છે. કારણ કે આત્માના અવાજ જેવા માનવ જીવનના વધારે ઊંચા કાયદાનું મારે પાલન કરવાનું છે.' સરદાર વલ્લભભાઈ પટેલ પર આ જવાબે જબર અસર કરી. અને પછી ૧૯૧૭ની ઑકટોબર મહિનામાં મળેલી 'ગુજરાત સભા'માં મળેલી મીટીંગ પછી ગાંધી માટે તિરસ્કાર અને તુચ્છકાર વલ્લભભાઈમાંથી નાબૂદ થયો અને ગાંધી અને સરદારની એકબીજાને જોડે જકડી લેનાર સાંકળની પહેલી કડીનું ઘડતર થયું. આ કડી સરદારે જીવંતપર્યંત જાળવી રાખી. એકાદ મહિના પછી સન ૧૯૧૭ના નવેમ્બરની શરુઆતમાં ગુજરાત રાજકીય પરિષદમાં ગાંધીજીને પહેલી જ વખત તેઓ મળ્યા. આ સભામાં ગાંધીજીએ અંગ્રેજીમાં નહીં પરંતુ ભારતીય ભાષાઓમાં પ્રવચન કરવા કહ્યું. જે મુજબ ટીળકે મરાઠીમાં, વિઠ્ઠલભાઈ ગુજરાતીમાં બોલ્યા અને મહંમદ અલી જિન્નાહે પણ ગુજરાતીમાં ભાષણ આપ્યું. આ ઉલ્લેખ એટલા માટે કરવો રહ્યો કે ગોધરામાં મલેલી એ બેઠકનો ૨૭ વર્ષ પછી ઉલ્લેખ કરતાં મહાત્મા ગાંધીએ નોંધ્યું છે કે 'જિન્નાહ સાહેબને અંગ્રેજી છોડીને ગુજરાતમાં બોલવાની વિનંતી કરી તે દિવસથી જિન્નાહ સાહેબ મને ધિક્કારતા થયા છે.' ગાંધીજીનું જો આ વિશ્લેષણ જોઈએ તો જે દિવસે જિન્નાહને ગુમાવ્યા તે જ દિવસે ગાંધીએ સરદારને મેળવ્યા એમ કહી શકાય.

પછી તો સરદાર સાહેબે દેશને અને ગાંધીને સ્વરાજની લડતમાં જયારે જરુર હોય અને જેવી જરૂરીયાત એ મુજબ ટેકો આપ્યો. ૧૯૨૪માં ગાંધીજીએ સરદારને કારોબારીમાંથી પડતા મૂક્યા ત્યારે ખાદી, દારૂબંધી, વેઠપ્રથા, અસ્પૃશ્યતા નિવારણના કામો ગુજરાત પ્રાંતિક સમિતિના પ્રમુખ તરીકે રચનાત્મક કામો ઉપાડ્યા. ગાંધીજીના કહેણ અનુસાર સમાજ સેવાનું કામ કરવા માટે વલ્લભભાઈમાંથી પ્રેરણા આપી હતી.

ગાંધી અને ગાંધીના વિચાર સાથે જોડાયા પછી સરદારે કયારેય તેમના માનેલા 'સરદાર' મહાત્મા ગાંધીના વિચાર કે વાતને ઉથાપ્યા ન હતા. પોતાને ચોથ નંબરનો પુત્ર સ્વરાજની લડતમાં ગાંધી સાથે જોડાયો છે તે જોતાં ૭૪ વર્ષની ઉંમરે પહોંચેલા વલ્લભભાઈના માતાએ પણ ખાદી કાંતતા અને ખાદી પહેરતા શીખી લીધું હતું. લાડબાએ પછી આજીવન ખાદી અને કાંતણને છોડ્યું ન હતું.

સન્ ૧૯૨૪માં બોરસદ લડતનો વિજય થયો એ સમયે પૂનાની ડેવિડ સાસૂન ઈસ્પિતાલમાં ગાંધીજીનું એપેન્ડિકસનું ઓપરેશન થયું હતું. ત્યાં ગાંધી - સરદારનું મિલન થયું હતું. મહાદેવભાઈ દેસાઈએ આ મિલન નોંધ્યું છે : બાપુ ઘણા નબળા પડી ગયા હતા પણ અમને જોયા ત્યારે વલ્લભભાઈને સામે જોઈને 'આવો, બોરસદના 'રાજા' કહીને મુક્ત રીતે હસી પડ્યા હતા. વલ્લભભાઈનો વાંસો થાબડતા મહાત્માજીએ કહ્યું કે 'બોરસદમાં તમે ભારે પરાક્રમ કરી બતાવ્યું.'

ગાંધીજીના શબ્દની ઉપેક્ષા કરનાર કોંગ્રેસીઓની સંખ્યા ઘણી મોટી હતી. એક અંગ્રેજના ખૂનને વખોડી કાઢનાર ઠરાવ એક વખત ગાંધીજીએ રજૂ કર્યો ત્યારે ચિત્તરંજનદાસ સહીત ઘણાએ એ ઠરાવને તોડી પાડ્યો. પણ વલ્લભભાઈ ગાંધીજીની પડખે પૂરી વફાદારીથી રહ્યા. ગુજરાત પ્રાંતિક સમિતિના અધ્યક્ષ તરીકે તેઓ જયારે હતા ત્યારે યજમાન તરીકે વ્યવસ્થા સંભાળ અર્થે તેમને મીટીંગમાંથી બહાર જવું પડતું હતું. પણ જયારે સરદાર પટેલ બેઠકમાં હાજર થાય ત્યારે મત આપવાનો થાય તો 'હું ગાંધીજીને ટેકો આપું છું.હ્ર તેવું જાહેર કરતા.

સરસ ફૅશનદાર કપડામાં સજજ્ અને માથા પર ફેલ્ટ હૅટ જરા બાંકી છટાથી પહેરતા, વર્તનમાં અતડા અને કડક વલ્લભભાઈ - એક સમયે ગાંધીને 'તેજસ્વી' વિચારક અને 'ચક્રમ' તરીકે હાંસીપાત્ર તરીકે મશ્કરી કરતા આ હોંશિયાર બહુ થોડા સમયમાં ગાંધીના 'અંધ અનુયાયી' પણ કહેવાયા.

૧૯૧૬ના ઉનાળામાં ગુજરાત કબલમાં ગાંધી જયારે ભાષણ કરવા આવ્યા ત્યારે સાથી વકીલ ગણેશ વાસુદેવ માવળંકર સહીતના મિત્રો તેમને સાંભળવા જતા હતા તે સરદારને ગમ્યું નહીં. માળવંકરને તેમણે પૂછ્યું કેમ ઊભા થયા? જવાબ મળ્યો : જુઓ, ગાંધી આવ્યા છે ત્યારે સરદાર સાહેબે કહ્યું હતું, 'એમાં શું થઈ ગયું? અમારી (બ્રિજ) રમત જોશો તો તેમાં તમને વધારે જાણવાનું મળશે. ગાંધી શું કહેવાના છે તે હું તમને કહી શકું. તમને ઘઉંમાંથી કાંકરા વીણતાં આવડે છે કે નહીં, તેવું ગાંધી તમને પૂછશે અને આ પ્રવૃત્તિથી આઝાદી મળી જાય તેવું ઠરાવશે.'

**(સંદર્ભ : હિંદ કે સરદાર, લેખક : રાવજીભાઈ પટેલ, પૃષ્ઠ : ૩૩)**

એકબીજા વચ્ચે સ્પષ્ટ મતભેદો છતાં ચોખ્ખા સંવાદના કારણે સરદાર અને ગાંધીજી વચ્ચે ઉષ્મામાં કોઈ ફેરફાર થયો નહીં. વલ્લભભાઈ પોતાનો સ્નેહ કદી બોલાવતાં નહીં, પણ આખા દિવસમાં તેમના અનેક કામો અને તેમણે આપેલા ઠપકામાંથી તેમનો ગાંધી સ્નેહ પ્રગટ થઈ જતો. કોઈ વખત કોઈ બાબતે ગાંધીજીએ કહ્યું કે, 'હું મરવા પડ્યો હોઉં ત્યારે પણ મારો સંદેશો આવો જ હશે.' સરદારે તેમને ઠપકો આપ્યો, તમે અમને અહીં લઈ આવ્યા છો અને એકલાં જ ચાલી જવા માગો છો?

બીજો એક આવો જ પ્રસંગ હતો. સરદારે બાપુને કહ્યું, 'તમારો દુખાવો અંગુઠાથી કોણી સુધી પહોંચ્યો છે. હવે ખભા સુધી ચડશે. હવે તો કાંતવાનું બંધ કરો. બાપુએ કહ્યું : 'કોઈક દિવસ તો બીજાના ખભા પર ચડીને જવાનું જ છે. સરદારે તરત જ કહ્યું, 'ના, ના, અમને રખડાવીને જશો નહીં, પહેલાં વહાણ બંદરમાં લાવો, પછી જયાં જવું હોય ત્યાં જજો, અને આ સંવાદનું છેલ્લું વાક્ય ગાંધીથી ઉંમરમાં છ જ વર્ષ નાના એવા સરદારે કહ્યું હતું : અને હું સાથે આવીશ.'

મહાત્મા અને સરદારના સંબંધો કેવા? નો જવાબ આ એક જ વાક્યમાં આવી જાય છે.